# ૧૮૫૭ના બળવામાં દેવબંદના ઉલમાનો અનોખો રોલ !!!

૧૮૫૭માં ઉલમાએ દેવબંદ શું હતા ?





અઝ : મૌલાના મુબારક હુસૈન મિસ્બાહી
તંત્રી : અશ્રફિયહ (મુબારકપુર)

અનુવાદક : મૌલાના મુફ્તી મુહમ્મદશાકિર પટેલ મિસ્બાહી દયાદરવી
(હાલ : લેસ્ટર, યુ.કે.)



પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા

GRWB/059/Bharuch/02 C/o. ફયુઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ,
ફોન : (૦૨૬૪૨) (ઓફિસ) ૨૮૦૦૧૧,(ઘર) ૨૮૦૧૯૨,
૨૮૦૨૯૨, Web. barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

પ્રકાશન નં. : ૧૬૧ આવૃત્તિ–૨ પ્રત : ૪૪૦૦

૧૬–જમાદીઉલ આખર હિ.સ. ૧૪૨૯ જૂન–૨૦૦૮

પોસ્ટકાર્ડ લખી કે SMS કરી મફત મંગાવો !
94274 64411 | 94278 17399

નરાની આર્ટ દયાદરા


પ્રકાશકના બે બોલ..........

## રાજકરણીથીય અધિક પ્રપંચી કોણ ?!

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَنُصَلِّیۡ وَنُسَلِّمُ عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

અત્યાર સુધી તો સાંભળતા તથા જોતા આવ્યા છીએ કે જૂઠ, પ્રપંચ અને ગલતબયાની, ડબલબોલી વગેરે ચીજો રાજકરણનું એક અંગ બની ગયેલ છે, જયાં કોણ ક્યારે કોનો વિરોધ કરશે અને કોને ટેકો આપશે તથા આજે કાંઈ બોલશે તો બીજા દહાડે પોતાનું થૂકેલું ચાટી જશે ! એવી નીચ પ્રવૃત્તિઓ સતત થતી રહે છે, કારણ કે ત્યાં દીન, ધર્મ, આખેરતનો ડર જેવી કોઈ ચીજ રહી નથી. પણ આશ્ચર્ય તો ત્યારે થાય છે જયારે કોઈ પોતાને મુસલમાન, દીનદાર અને ઈસ્લામના ખાદિમ તથા મુસલમાનોના રહબર હોવાનો દાવો કરીને પછી એમાં પ્રપંચો તથા જૂઠ, ધોકાબાજીનો સહારો લઈ પોતાની અગ્રતા જાહેર કરવા પ્રયાસ કરે છે, ત્યારે ખૂબ જ અફસોસ પણ થાય છે કે દીનના નામ પર લોકોને આ રીતે છેતરનારાઓને શું અલ્લાહ તઆલા جل جلالہ ની બારગાહમાં હાજર થવાનું નથી ? શું કયામતમાં હિસાબો કિતાબથી આ લોકો અપવાદ છે ?! એવું કરનારાઓમાંનું ઉઘાડુ દષ્ટાંત હિંદુસ્તાનની એક જમાઅત એ છે જેને 'વહાબી દેવબંદી' કહે છે, કે આ જમાઅતનો પાયો અસંખ્ય જૂઠો, બનાવટી ખ્વાબો તથા ગલત પ્રોપેગન્ડાઓ પર રચાયેલો છે જેની સાબિતી માટે તેમની જ કિતાબોના હવાલા પૂરતા છે ! કહે છે કે 'ખુદા જબ દીન લેતા હૈ તો અક્લેં છીન લેતા હૈ' તેમ એમના જ લેખકોના હવાલાથી પોતે જ આ લોકો જૂઠા, પ્રપંચી પુરવાર થાય છે.

જેમ કે ગૈરુલ્લાહથી મદદ માંગવી, 'યા' સંબોધીને પોકારવું,

ગૈરુલ્લાહમાં ઈખ્તિયાર માનવો, નબી વલી માટે અલ્લાહની અતાથી પણ ઈલ્મે ગૈબ હોવાનું માનવું.... વગેરે વહાબી દેવબંદીને ત્યાં **શિર્ક** કહેવાય છે. પણ એ જ સર્વ બાબતો તેમના દેવબંદી પેશવાઓ માટે માનવામાં આવે તો શિર્ક નહીં થાય ! જે ચીજોને એઓ શિર્ક કહે છે એ જ ચીજો પોતાના ઘરના મોલ્વીઓ માટે માનીને પોતે જ પોતાના હાથે મુશ્રિક, કાફિર ઠરવા માટે તેઓ કોઈ અન્યના મોહતાજ જ નથી ! વિશ્વાસ ન પડતો હોય તો ''ઝલઝલા'' નામની કિતાબમાં એનું વર્ણન વાંચીને તમારા ઝમીરને ઝંઝોળીને ઈન્સાફથી વિચારશો તો અમારી વાતનું સત્ય તમને સમજાઈ જશે. ('ઝલઝલા' દયાદરાથી મળી શકશે.)

દીન તથા અક઼ીદાની બાબતે જૂઠના ગપગોળા તથા ડબલબોલીની વાતો તેમની જગજાહેર છે તો અંગ્રેજોની ગુલામીથી મુક્ત થવા માટે ઈ.સ. ૧૮૫૭માં જે બળવો હિંદની પ્રજાએ કર્યો હતો તો તે સમયે ઈતિહાસ સાક્ષી છે કે વહાબી દેવબંદી જમાઅતના મોલ્વીઓ અંગ્રેજોના સમર્થક તથા તરફદાર રહ્યા છે છતાં હાલમાં એવું મહાજૂઠ તેઓ તરફથી ચલાવવામાં આવ્યું કે, ''જાણે આઝાદીના લડવૈયા આ જ દેવબંદી મોલ્વીઓ જ હતા ! અને એઓ જો ન હોત તો હજી આપણે ગુલામ જ હોત !''

કોઈ રાજકરણી એવી વાતો લખે કે બકે તો આશ્ચર્ય ન થાય પણ જ્યારે દીનના, તૌહીદના બની બેઠેલા ઠેકેદારો એવી વાતો લખે તથા પ્રસિદ્ધ કરે તો સમજી લેવું કે હવે ક઼યામત બહુ દૂર નથી ! દીનદારીના ઢોંગમાં પબ્લિકથી ધોકો કરવામાં આવે, જૂઠ બોલવા લખવામાં આવે તો એ કેટલા ખેદની વાત છે, પણ કહેવત છે ને કે, 'બેહયા બાશ હરચે ખ્વાહી કુન' એટલે કે 'બેશરમ થઈ જા ! પછી જે ફાવે તે કર !' તેવી તેમની સ્થિતિ છે.

કેવળ એક જ દાખલો જે કિતાબમાં રજૂ કરેલો છે તેના પર



વિચાર કરો કે આટલા બધા બેશરમ તો કોઈ દીનદાર કહેવાતા લોકોમાં સિવાય વહાબી દેવબંદી જમાઅતના કોઈ અન્ય ધર્મવાળા નહીં જ હોય ! સાંભળો ! :–


દેવબંદ મદરસો ઈ.સ. ૧૮૬૬માં સ્થાપિત થયો એ એક ઐતિહાસિક હક઼ીક઼ત છે અને અંગ્રેજો સામે બળવો ઈ.સ. ૧૮૫૭માં થયો હતો. છતાં દેવબંદની બહાદુરી દર્શાવવા જૂઠો ઈતિહાસ રચાયો. ફૈસલ અહમદ નદવી લખે છે લેખ ''મૌલાના ક઼ાસિમ નાનોત્વી અને પ્રથમ જંગે આઝાદી'' વિષય પર કે :–

''પ્રખ્યાત ઈતિહાસકાર ઈશ્તિયાક કુરૈશીના કથનાનુસાર આ દારુલ ઉલૂમ ઈ.સ. ૧૮૫૭ના બળવામાં લડવૈયાઓની ટુકડી માટે એક ખાસ પનાહની જગ્યા હતી.'' *(નયાદૌર, ઈન્ક઼ેલાબ ૧૮૫૭ નંબર, લખનૌ, પેજ–૯૩)*

આવાં તો અસંખ્ય જૂઠો તમને એમની કિતાબોમાં પોતાની અગ્રતા, ઉચ્ચતા જાહેર કરવા આ તકસાધુઓએ લખેલાં છે. અને હઝરત અલ્લામા ફઝ્લે હક્ક઼ ખૈરાબાદી رحمۃ اللہ علیہ જેમણે અંગ્રેજો વિરુધ્ધ જેહાદનો ફત્વો બહાર પાડેલો તથા એમને તથા અન્ય ઉલમાને ફાંસી થઈ તેમનો ઉલ્લેખ પણ એમની કિતાબોમાં જોવા નહીં મળે ! આવા ધોકાથી ચાલનારા મોલ્વીઓ તથા તેમના બનાવટી મઝહબથી અલ્લાહ જ બચાવે. (આમીન)

વધુ માટે આ સંબંધી કિતાબ આપની સમક્ષ હાજર છે તેનો જરૂરથી અભ્યાસ કરશો અને હક્ક઼ નાહક્ક઼ને પહેચાની તમારા ઈમાનને બચાવવા માટે આ દેવબંદી વહાબી જમાઅતથી તેમના માનવાવાળાઓથી રિશ્તો કટ કરો, તેમની સાથે દોસ્તી, શાદી, વહેવાર, ઉઠક બેઠક સૌ બંધ કરો, નહીં તો ક઼યામતમાં તમારી પકડ થશે અને ત્યાં બુરી હાલતથી છૂટકારો મુશ્કેલ થઈ જશે.

**–પટેલ શબ્બીર અલી રઝવી** *[તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)]*
તા. ૨૮/જૂન/૨૦૦૮, શનિવાર, સ્થળ : દયાદરા, તા. જિ. ભરૂચ



نَحْمَدُهٗ وَنُصَلِّیْ وَنُسَلِّمُ عَلٰی رَسُوْلِهِ الْکَرِیْمِ

ઈ.સ. ૧૮૫૭ના બળવાના હવાલાથી દેશના વિવિધ ભાગોમાં સેમીનાર તથા કોન્ફરન્સો યોજાઈ, માસિકો તથા ત્રિમાસિકોના ખાસ નંબરો પ્રગટ કરવામાં આવ્યા. સમયના પડોમાં દબાયેલી ઘણી જ હક઼ીક઼તો સામે આવી. અમુક એવા કિરદાર પણ સામે આવ્યા જેને પૂર્વગ્રહી ઈતિહાસકારોએ ખૂબ જ બેદર્દીપૂર્વક ટાળી દીધા હતા. આ શોખની ભીડભાડ તથા ભાગદોડમાં ઈતિહાસ ઘડનારાઓને પણ ખૂબ મોકો મળ્યો. હિંદુસ્તાનને આઝાદી અપાવવાનું લેબલ મેળવવા માટે તેઓએ જે કિસ્સાઓ ઘડયા હતા તેમને અવાર નવાર દોહરાવતા ગયા, બલ્કે એટલા પ્રમાણમાં જૂઠુ બોલવામાં આવ્યું કે તે સત્ય સમજાવા લાગ્યું ! પ્રોપેગન્ડા અને કુપ્રચારની તાક઼ાતને દરેક દૌરમાં મેહસૂસ કરવામાં આવી અને અત્યારે આધુનિક ટેક્નોલોજીએ તેને વધુ સ્પષ્ટ કરી દીધું છે. **આ કુપ્રચારમાંનો એક જૂઠો પ્રોપેગન્ડો ''ઈ.સ. ૧૮૫૭ના બળવામાં દારુલ ઉલૂમ દેવબંદ તથા ઉલમાએ દેવબંદનો કિરદાર !'' પણ છે.** અત્રેના લખાણમાં આ વિષય ઉપર ઠોસ પુરાવા થકી ચર્ચા રજૂ કરીશું. ઈ.સ. ૨૦૦૭માં 'નયા દૌર–લખનૌ, રાષ્ટ્રીય સહારા–દિલ્હી'' વગેરે ન્યુઝ પેપરો તથા અઠવાડિકોમાં પણ ઘણા લેખો ઉપરોક્ત વિષય પર વાંચવા મળ્યા *[તેમજ ગુજરાત ટુ ડે (તા. ૨–૩–૦૮)માં પણ એ જ ગપગોળો વાંચવા મળ્યો ! –તંત્રી]* અને સામાન્ય રીતે એવું લોકોમાં ઠસાવવાની કોશિશ કરવામાં આવી કે ઈ.સ. ૧૮૫૭માં દારુલ ઉલૂમ દેવબંદ તથા ઉલ્માએ દેવબંદનો મુખ્ય રોલ રહ્યો !



## દારુલ ઉલૂમ દેવબંદ ક્યારે અસ્તિત્વમાં આવ્યું ?

મદ્રસએ દેવબંદ હિ.સ. ૧૨૮૩/ઈ.સ ૧૮૬૬માં ક઼ાયમ થયો. એટલે કે ઈ.સ. ૧૮૫૭ના બળવાના ૯ વરસો પછી. હવે **એ કેમ કરીને શક્ય છે કે દારુલ ઉલૂમ દેવબંદે પોતાના અસ્તિત્વ પહેલાં જ આઝાદીની ચળવળમાં કોઈ ભાગ ભજવ્યો હોય !!!** પણ અફસોસ કે ''ચોરી ઉપરથી સીના જોરી''ની પણ હદ થઈ ગઈ. નયા દૌર, એપ્રિલ, મે–૨૦૦૭ના ''ઈન્કિ઼લાબે ૧૮૫૭ નંબર''માં ફૈસલ અહમદ નદવીએ ''મૌલાના ક઼ાસિમ નાનોત્વી અને પ્રથમ જંગે આઝાદી''ના વિષય પર એક લેખ લખ્યો છે જેમાં બીજી મનઘડત કહાનીઓ સાથે આ પણ લખ્યું છે :

''પ્રખ્યાત ઈતિહાસકાર ઈશ્તિયાક કુરૈશીના કથનાનુસાર આ દારુલ ઉલૂમ ઈ.સ. ૧૮૫૭ના બળવામાં લડવૈયાઓની ટુકડી માટે એક ખાસ પનાહની જગ્યા હતી.'' *(નયાદૌર, ઈન્કે઼લાબ ૧૮૫૭ નંબર, લખનૌ, પેજ–૯૩)*

ઉપરોક્ત લખાણ કોઈ ઐતિહાસિક કોયડો નથી કે તેનું અર્થઘટન કરવામાં આવે, બલ્કે ૨ + ૨ = ૪ ની જેમ સ્પષ્ટ છે. જે ઈદારો તથા સંસ્થા ૧૮૫૭ના બળવાના લગભગ ૯ વરસ પછી બની હોય તેનો કોઈ પણ કિરદાર તથા રોલ પોતાના વજૂદ (અસ્તિત્વ) તથા બનતા પહેલાં કઈ રીતે થઈ શકે ?! **એ તો શક્ય છે કે દેવબંદના ઉલ્માએ મદ્રસાના બનતા પહેલાં ખ્વાબોની દુનિયામાં જંગ લડી હોય !** આમ પણ દેવબંદી મૌલ્વીઓનો અડધો ધર્મ ખ્વાબો તથા સ્વપ્નોના આધારે ક઼ાયમ છે, પણ એ હક઼ીક઼ી તથા વાસ્તવિક જંગ હરગિઝ ન હતી. એ પણ એક હક઼ીક઼ત છે કે જ્યારે 'ઉલ્માએ દેવબંદ' બોલવામાં આવે છે તો તેનાથી મુરાદ દારુલ ઉલૂમ દેવબંદથી લાગતા વળગતા ખાસ

ઉલમા જ હોય છે.

આ જ લેખમાં લેખકે એક લખાણ મૌલાના મેહમૂદ હુસૈન દેવબંદીના હવાલાથી નકલ કર્યું છે. શૈખુલ હિંદ મૌલાના મેહમૂદ હુસૈન દેવબંદીએ એકવાર જોશમાં આવી ફર્માવ્યું, "હઝરત ઉસ્તાદે (નાનોત્વીએ) આ મદ્રસાને શું પઢવા પઢાવવા માટે કાયમ કર્યો હતો ?! મદ્રસો મારી સમક્ષ કાયમ થયો અને જ્યાં સુધી હું જાણું છું ઈ.સ. ૧૮૫૭ની નિષ્ફળતા પછી આ (દારુલ ઉલૂમ દેવબંદ) ખોલવામાં આવ્યો જેથી કોઈ એવું મર્કઝ કાયમ થાય જેના થકી લોકોને તૈયાર કરવામાં આવે અને ઈ.સ. ૧૮૫૭ની નિષ્ફળતામાંથી બેઠા થઈ શકાય." *(સવાનેહે કાસમી, ભાગ-ર, પેજ-રર૬)*

મૌલાના મહમૂદ હુસૈનના ઉપરોક્ત જોશીલા બયાનથી ત્રણ વસ્તુ જાહેર થઈ :-

(૧) દારુલ ઉલૂમ દેવબંદને પઢવા પઢાવવા માટે નથી કાયમ કરવામાં આવ્યું. (ર) દેવબંદના દારુલ ઉલૂમને કાસિમ નાનોત્વીએ કાયમ કર્યું. (૩) દારુલ ઉલૂમ દેવબંદ ઈ.સ. ૧૮૫૭ પછી કાયમ થયું જેથી ૧૮૫૭ની ઉણપ પૂરી કરવામાં આવે.

એ સત્ય છે કે દારુલ ઉલૂમ દેવબંદ પઢવા પઢાવવા માટે નથી કાયમ કરવામાં આવ્યું, પણ અફસોસ કે ઉલમાએ દેવબંદ જ તેની તા'લીમનાં નગારાં વગાડતા જોવા મળે છે ! તેનો ફેંસલો તેઓ પોતે જ કરે કે કે દારુલ ઉલૂમના કયામનો મકસદ ક્યાં સુધી તેઓ પૂરો કરી રહ્યા છે ? બીજી વાત કે દારુલ ઉલૂમ દેવબંદને કાસિમ નાનોત્વીએ કાયમ કર્યું, આ સંદતર જૂઠ છે. તેના બાની (સ્થાપક) તથા કાયમ કરનાર હાજી આબિદ હુસૈન કાદરી, ચિશ્તી رحمۃ اللہ علیہ હતા. પણ આપ અસ્લાફના મસ્લકના પાબંદ સુન્ની સહીહુલ અકીદા હતા, અને તેમનો મકસદ તા'લીમ હતો જેના કારણે



દેવબંદના ઉલ્માએ આપનાથી વિખવાદ કર્યો અને આપનું નામ હટાવી કાસિમ નાનોત્વીને બાની રૂપે પ્રખ્યાત કર્યા. આના બેકગ્રાઉન્ડમાં મૌલાના નઝીર અહમદ દેવબંદી લખે છે :-

"લોકોના દિલોમાં ખુલૂસ ન રહ્યો જેના કારણે વિખવાદ થતા રહ્યા, પરિણામે એ સમયે આપ (હાજી આબિદ હુસૈન) મદ્રસાના કારોબારથી અલગ થઈ ગયા અને ફર્માવ્યું કે લિલ્લાહિયત ન રહી અને નફ્સાનિયત આવી ગઈ. ફકીરને આ બધી વાતો શું નિસ્બત ?" *(તઝકિરતુલ આબિદીન, પેજ-૭૬)*

હાજી સાહબના ખાનદાનના એક માણસ સૈયદ ઈફ્તિખાર હુસૈન લખે છે : "આ નફ્સાનિયત સિવાય શું હોઈ શકે છે કે તે (હાજી સાહબ) આ મદ્રસા થકી ઈસ્લામની સચ્ચાઈના પ્રચારનો જે મહત્વનો ફર્ઝ અદા કરવા ઈચ્છતા હતા, તો મદ્રસાના બીજા કાર્યકર્તાઓ એ વાતથી સહમત ન હતા.

તેઓની વિચારધારા બિલકુલ અલગ હતી, **તેઓ આ મદ્રસાને અંગ્રેજ ગવર્નમેન્ટની ઈચ્છા તથા મરજી પ્રમાણે ચલાવવા માંગતા હતા**, કારણ કે **મદ્રસાના સદર મુદર્રિસ મૌલ્વી યાકૂબ (અંગ્રેજ) હુકૂમતના ખૂબ જ ચાહક હતા. મદ્રસાના સદર મુદર્રિસ બનતા પહેલાં તે ઘણા શહેરોમાં અંગ્રેજ ગવર્નમેન્ટ તરફથી ડિપ્ટી. ઈન્સપેક્ટર ઓફ સ્કૂલના હોદ્દે ફરજ બજાવી ચૂક્યા હતા અને પોતાનાં કામોના કારણે અંગ્રેજોના મહબૂબ હતા.** પોતાના આ કામયાબ અનુભવના આધારે **તે એ રીતે મદ્રસો ચલાવવા ઈચ્છતા હતા જે અંગ્રેજ ગવર્નમેન્ટની ઈચ્છા હતી.** માટે તેમના ખયાલોનું હાજી મુહમ્મદ આબિદહુસૈન સાહબના ખયાલોથી ટકરાવું જરૂરી હતું." *(દારુલ ઉલૂમ દેવબંદના બાની કોણ ? અઝ : સૈયદ ઈફ્તેખાર હુસૈન દેવબંદી)*

આ વિશે ઘણુ લખાઈ ચૂક્યું છે કે દારુલ ઉલૂમ દેવબંદના બાની કાસિમ નાનોત્વી નથી બલ્કે તેના બાની સૂફી આબિદ હુસૈન કાદરી ચિશ્તી હતા. મૌલ્વી કાસિમ નાનોત્વીએ પોતાના સાથીઓની મદદથી તેમને અલગ કરી દીધા, કારણ કે તેઓ ઈદારાને ઈસ્લામના ફેલાવા તથા તા'લીમ આપવા અપાવવા ખાતર ચલાવવા ઈચ્છતા હતા, જે મૌલ્વી કાસિમ નાનોત્વીને હરગિઝ પસંદ ન હતું. મૌલ્વી કાસિમ નાનોત્વી અને બીજા દેવબંદી આલિમોની તર્બિયત જે માહોલમાં થઈ હતી તેમાં અંગ્રેજનવાઝી પોતાની છેલ્લી હદે પહોંચી હતી.

## દેવબંદના ઉલમા અંગ્રેજોના પાકા વફાદાર

'અર્રહીકુલ મખ્તૂમ'ના લેખક મૌલાના સફીઉર્રહમાન મુબારકપૂરી લખે છે :–

''**દેવબંદી ચળવળના પ્રથમ** અમીર મૌલાના મમ્લૂક અલી થાન્વી વિશે ઈતિહાસકારો સહમત છે કે તેઓ **અંગ્રેજોના પાકા વફાદાર** હતા. તેઓ દિલ્હી કોલેજમાં મુદર્રિસ હતા જ્યાં અંગ્રેજનવાઝ હિંદુસ્તાનીઓ તૈયાર કરવામાં આવતા હતા, બલ્કે તેમના સારા કાર્યથી પ્રભાવિત થઈ કોલેજના વઝીર સર થોમસની સિફારિશથી ૮ નવેમ્બર ઈ.સ. ૧૮૪૧માં આપ કોલેજના પ્રિન્સિપાલ નક્કી થયા. કોલેજના બધા જ અંગ્રેજ ટીચરો મૌલાના પર ખૂબ ભરોસો કરતા હતા આથી દરેક વાર્ષિક રિપોર્ટમાં તેમનાં ખૂબ વખાણ કરવામાં આવ્યાં. ગવર્નર જનરલે મૌલાનાને ઈનામથી પણ નવાઝયા અને ખૂબ જ કિંમતી પોશાક પણ આપ્યો. દિલ્હી કોલેજના નિસાબ (કોર્ષ)નું કામ આપના થકી થતું.'' *(સવાનેહે મૌલાના એહસાન નાનોત્વી, પ્રો. ઐયૂબ કાદરી)*

મૌલાના મમ્લૂક અલીએ નાનોતા તથા આસપાસના ઉષ્માની



શૈખોની તા'લીમ માટે દિલ્હી કોલેજનો રસ્તો આસાન કર્યો અને ઘણાયે લોકોને **અંગ્રેજો સાથે વફાદારીની તા'લીમ આપી.** દેવબંદના અકાબિર (વડવાઓ) આ જ ઉસ્તાદના શાગિર્દ હતા જેમણે અંગ્રેજનવાઝી પોતાના વિદ્યાર્થીઓને ગળથુથીમાં પીવડાવી દીધી હતી. **આ શાગિર્દો પ્રત્યે એવું કલ્પી પણ ન શકાય કે તે અંગ્રેજો વિરુધ્ધ જંગ લડશે.** મદ્રસએ દેવબંદને મૌલ્વી કાસિમ નાનોત્વીએ આ રસ્તે જ આગળ ધપાવ્યો અને તા'લીમ પર ધ્યાન આપવાના બદલે અંગ્રેજનવાઝ ટુકડીઓ તૈયાર કરી અને **અંગ્રેજ હુકૂમત પણ તેમની કાર્ય રચનાથી મુત્મઈન (સંતુષ્ઠ) હતી.** મદ્રસએ **દેવબંદના પ્રથમ સદર** મુદર્રિસ મૌલાના મમ્લૂક અલીના સાહબઝાદા અને તેમને ત્યાં તર્બિયત પામેલ (ટ્રેઈન્ડ થયેલ) **મૌલાના મુહમ્મદ યાકૂબ** નક્કી થયા. સવાનેહે કાસમીના લેખકના કથનાનુસાર : ''મૌસૂફ (મૌ. યાકૂબ) ઈ.સ. **૧૮૫૭ની જંગને ગદર (ધોકો)** તથા તેમાં **ભાગ લેનારાઓને 'મુફસીદીન' ફસાદ કરનાર** (બળવાખોર) કહેતા હતા.'' *(સવાનેહે કાસમી, પેજ–૬૧)*

મદ્રસએ દેવબંદના કયામના અમુક વરસો પછી ૩૧ જાન્યુ. ઈ.સ. ૧૮૭૫માં લેફટન્ટ ગવર્નરે પોતાના ખાસ માણસ મિસ્ટર પામરને દારુલ ઉલૂમ દેવબંદની વિઝિટ માટે મોકલ્યો તો તેણે આ શબ્દોમાં રિપોર્ટ આપ્યો, **''મદ્રસો (દેવબંદ) વિરોધમાં નહીં બલ્કે (અંગ્રેજ) સરકારનો તરફદાર તથા મદદગાર છે.** અહીં તા'લીમ પામેલા લોકો એવા આઝાદ અને નેક ચલન છે કે એક બીજાથી કોઈ જ વાસ્તો નથી.'' *(મુહમ્મદ અહસન નાનોત્વી, પેજ–૧૧૭)*

ઈ.સ. ૧૮૫૭ના બનાવ પછી આખા દેશમાં અફરી તફરી હતી, કત્લ તથા લૂટફાટ સામાન્ય બની ચૂકી હતી. **ઉલ્માએ અહલે**

**સુન્નતને માત્ર શકના કારણે પણ ફાંસી આપવામાં આવતી હતી, જેલમાં બંધ કરી દેવામાં આવતા.** મુજાહિદો આમ તેમ ભાગી રહ્યા હતા. **આવા સમયે અંગ્રેજો દારુલ ઉલૂમ દેવબંદથી સંતુષ્ઠ હતા** બલ્કે વિઝિટર લખે છે કે, **દારુલ ઉલૂમ દેવબંદ (અંગ્રેજ) સરકારનું મદદગાર છે !** દેવબંદ દારુલ ઉલૂમના કાર્યકરો માટે આ સૌથી મોટી વાત હતી. હજુ પણ આ વાતમાં શક બાકી છે કે મદ્રસા દેવબંદ પોતાની અંગ્રેજ હુકૂમતનો સાચો વફાદાર તથા Well Wisher હતો ?!

લેફ્ટન્ટ ગવર્નર પોતાની વિઝિટ મુજબ વધુ લખે છે :–

''જે કામ મોટી મોટી કોલેજોમાં હજારો રૂપિયા ખર્ચી કરવામાં આવે છે તે અહીં અમુક પૈસામાં થાય છે. જે કામ પ્રિન્સિપાલ હજારો રૂપિયા લઈને કરે છે તે અહીં મૌલ્વી ચાલીસ રૂપિયા મહિનાના પગારે કરે છે. *(સવાનેહ અહસન નાનોત્વી, પેજ–૨૧૭)*

આ રિપોર્ટ પછી દારુલ ઉલૂમ દેવબંદના કર્તાધર્તાઓમાં ખુશીની લહેર દોડી ગઈ અને તેઓના કથનાનુસાર કે આ રિપોર્ટથી મદ્રસાની શોહરત (ખ્યાતિ) તથા મક્બૂલિયતમાં ચાર ચાંદ લાગી ગયા અને મદ્રસાના રિપોર્ટમાં તેઓએ ખૂબ જ ફખ્ર સાથે નીચે મુજબનું લખાણ છાપી માર્યું :–

''બધા જ અંદર તથા બહારના બનાવો તથા આઘાતો પછી મદ્રસાને જે મહત્વની કામ્યાબી તથા ખ્યાતિ મળી તે સર જોન ડિગ્સ લોટશ સંયુક્ત ગવર્નર આગ્રા તથા અવધનું દારુલ ઉલૂમ દેવબંદની વિઝિટ માટેનું આગમન હતું.'' *(રૂદાદે મદ્રસા દેવબંદ, હિ.સ. ૧૩૨૨, પેજ–૭)*

જાણવા મળ્યું કે અંગ્રેજ ગવર્નમેન્ટના રિપોર્ટથી દારુલ ઉલૂમ દેવબંદના કાર્યકર્તાઓ શર્મિંદા ન હતા બલ્કે તે તેમના મિશનનું



અસલ નિશાન જે હતું પૂરું થયું. સવાનેહે કાસમીના હાશિયામાં દેવબંદના છુપાયેલ રાઝ ખોલતાં લખે છે :–

''લગભગ દારુલ ઉલૂમ દેવબંદના કાર્યકર્તાઓ તથા મુદર્રિસોની સંખ્યા એવા લોકોની હતી જે **અંગ્રેજ ગવર્નમેન્ટના જૂના કર્મચારી હતા** અથવા તો પેન્શન મેળવનાર હતા, **જેમના વિશે ગવર્નમેન્ટે કોઇ પ્રકારનો શક કરવાની શક્યતા જ ન હતી.** *(હાશિયા સવાનેહે કાસમી, ભાગ–૨, પેજ–૨૪૭)*

ઉપરોક્ત લખાણોએ વાત ખૂબ જ સ્પષ્ટ કરી નાખી. શું હજુ પણ કાંઈ બાકી છે ? જેના પર ૧૮૫૭ના બળવામાં દેવબંદના કિરદારની બુનિયાદ રાખવામાં આવે. આવો, આ વિશે પીરે મયખાના મૌલ્વી અશ્રફ અલી થાન્વીની અંગ્રેજનવાઝી વિશે પણ જાણી લઈએ. મૌલ્વી અશ્રફ અલી થાન્વી પોતાના ફત્વા લખાયેલ ૧૦ સફર હિ.સ. ૧૩૪૯/ ઈ.સ. ૧૯૩૧માં લખે છે :–

''પૂરાણા જમાનાથી મસીહી (ઈસાઈ) લોકોનો ધર્મ તથા કાનૂન એ રહ્યો છે કે કોઈ પણ કૌમ કે મઝહબ સાથે અદાવત તથા તેનો વિરોધ કરવો નહીં અને ન તો કોઈની ધાર્મિક આઝાદીમાં આડ બને છે અને પોતાની પ્રજાને અમન તથા શાંતિમાં રાખે છે માટે **મુસલમાનોએ અહીં હિંદુસ્તાનમાં જ્યાં ઈસાઈઓનો કબ્જો છે ત્યાં રહેવું અને તેમની પ્રજા બનવું દુરુસ્ત છે.''** *(અવરાકે ગુમ ગશ્તા, અઝ : રઈસ અહમદ જાફરી, નદવી, પેજ–૩૨૪)*

આ છે શૈખે મયખાનાનો ફત્વો ! કે **પૂરાના સમયથી અંગ્રેજોનો કાનૂન તથા ધર્મ રહ્યો છે કે કોઇ પણ મઝહબ તથા કૌમથી અદાવત નથી રાખતા !** આ ફત્વો થાન્વીએ તે સમયે આપ્યો **જ્યારે ઈ.સ. ૧૮૫૭માં હજારો હજાર ઉલ્માને ફાંસીના ફંદા પર ચઢાવવામાં આવ્યા અને લાખો મુસલમાનોને વિના**

**કારણે કતલ કરવામાં આવ્યા હતા ! શું આનું નામ અમનો અમાન છે ?** મસીહીઓ (ઈસાઈઓ) **સદીઓથી ઈસ્લામ તથા મુસલમાનોના દુશ્મન રહ્યા છે પરંતુ આ હઝરત થાન્વી બિલ્કુલ બે ખબર છે !** જો આનું જ નામ ફત્વો લખવું તથા ઈસ્લામી હક્ક વાત કહેવું છે તો પછી **મુનાફિકત તથા અંગ્રેજનવાઝી કોને કહેવાય !** હકીકતમાં મદરસો દેવબંદ પૂરાના જમાનાથી જ અંગ્રેજનવાઝ રહ્યો છે અને બધી જ પ્રવૃત્તિઓ એ તરફની રહી એટલા માટે મૌલ્વી અશરફ અલીએ જે લખ્યું છે તે તેમણે પોતાના હાલ મુજબ બરાબર લખ્યું છે. **બેશક ! દેવબંદી મૌલ્વીઓ બ્રિટિશ હુકૂમતમાં સંપૂર્ણ રીતે મેહફૂઝ તથા અમાનમાં રહ્યા.**

દીવાનજી નામના એક માણસ વિશે મૌલ્વી મુનાઝિર અહસન ગીલાનીએ પોતાની કિતાબ 'સવાનેહે કાસમી'માં લખ્યું છે :–

"સાહિબે નિસ્બત બુઝર્ગ હતા. પોતાના ઝનાના મકાનમાં ઝિક્ર કરતા. મૌલાના હબીબુર્રહમાન સાહબ મોહતમિમ દારુલ ઉલૂમ દેવબંદ ફર્માવતા રહેતા કે એ જમાનામાં દીવાનજીના કશ્ફની હાલત એટલી વધી ગઈ હતી કે બહાર સડક પર આવતાં જતાં આપને નજર આવતાં. ઝિક્ર કરતા સમયે દીવાલોનો પર્દો તેમના પર બાકી ન રહેતો. આ જ દીવાનજીનો કશ્ફ દારુલ ઉલૂમ દેવબંદ વિશે પણ વર્ણન કરવામાં આવે છે, લખે છે કે મિષાલી આલમમાં તેમના પર જાહેર થયું કે દારુલ ઉલૂમ દેવબંદના ચોતરફ લાલ દોરો વિંટેલો છે પોતાના આ કશ્ફી મુશાહેદાની તાબીર પોતે (દીવાનજી) આ રીતે કરે છે કે નસ્રાનિયત (ઈસાઈયત) તથા નવી આઝાદીની નિશાનીઓ દારુલ ઉલૂમ દેવબંદમાં જાહેર થશે." *(હાશિયા સવાનેહે કાસમી, ભાગ–૨, પેજ–૭૩)*



દીવાનજીએ પોતાની કશ્ફી કુવ્વતના આધારે જે વસ્તુ તરફ ઈશારો કર્યો છે તે એક જગતે પોતાના માથાની આંખોથી જોઈ લીધું. જો હજુ પણ દારુલ ઉલૂમ દેવબંદ તથા ઉલ્માએ દેવબંદને ૧૮૫૭ના બળવાના મુજાહિદોમાં ગણવામાં આવે તો આ તેમની ચોરી ઉપરથી સીનાજોરી તથા ચમકતા દિવસમાં સૂર્યને જૂઠલાવવાની કોશિશ ગણાશે.

૨૯, ૩૦ માર્ચ ૨૦૦૮માં આ વિષય પર દારુલ ઉલૂમ દેવબંદમાં સેમીનાર માટેનું એલાન પણ કરવામાં આવ્યું છે. તર્જુમાન દારુલ ઉલૂમ દિલ્હીના ઓકટોબર, નવેમ્બર તથા ડિસેમ્બરના અંકો મારી સમક્ષ છે. તંત્રીએ જે પ્રમાણેનું લખાણ લખ્યું છે તેનાથી અંદાજો થાય છે કે ઈ.સ.૧૮૫૭ના બળવા વિશે આવનાર હકીકતોથી તેમને તકલીફ છે. કદાચ આ જ હકીકતો પર પર્દો નાખવાના ઈરાદે દારુલ ઉલૂમ દેવબંદમાં સેમીનાર વિશે લખવામાં આવ્યું છે. અને આ જ તકલીફના કારણે અબ્નાએ કદીમના કાર્યરત સદર મૌલાના અમીદુઝ્ઝમાં કાસમી કિરાનવીએ એક માસિકમાં લેખ પણ લખ્યો છે, વિષય છે, "હઝરત શાહ વલીયુલ્લાહની ઈન્કેલાબી સિયાસી તેહરીકમાં હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કીનો રોલ" લેખકે ખૂબ જ ચાલાકી સાથે તેહરીકે દેવબંદનો રિશ્તો હઝરત શાહ વલીયુલ્લાહ સાથે જોડયો છે. પરંતુ લખાણના ઊંડાણમાં જતાં જણાય છે કે લેખક પોતે પણ તેનાથી મુત્મઈન (સંતુષ્ઠ) નથી. લેખકે પોતાના વિષય વિશે ઓછું લખ્યું છે અને પોતાની સર્વ શક્તિ ૧૮૫૭ અને ઉલ્માએ દેવબંદની કુર્બાનીઓ પર ખર્ચ કરી નાખી છે. આ વિષય પર ચર્ચા કરતાં પહેલાં હું એ સ્પષ્ટ કરી દઉં કે દેવબંદી તેહરીક (ચળવળ)ના બાની કાસિમ નાનોત્વી તથા રશીદ અહમદ ગંગોહી હતા ન કે શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી, જેમ કે દેવબંદી જમાઅતના પ્રખ્યાત

આલિમ મૌલાના અન્વરશાહ કશ્મીરી લખે છે :–

''આકબિરે દેવબંદ જેમની શરૂઆત મારા આધારે સૈયદુનલ ઈમામ મૌલાના મુહમ્મદ ક઼ાસિમ સાહબ અને ફક઼ીહે અકબર મૌલાના રશીદ અહમદ ગંગોહીથી છે. દેવબંદિયતની શરૂઆત શાહ વલીયુલ્લાહથી કરવાને બદલે ઉપરોક્ત બંને અઝીમ હસ્તીઓથી કરું છું.'' *(માહનામા અલ બલાગ, કરાંચી, માર્ચ–૧૯૬૯, પેજ–૪૮)*

અને આટલું જ નહીં કે તેહરીકે દેવબંદિયતના બાની અકાબિરે દેવબંદ હતા બલ્કે દેવબંદી ધર્મના સર્જક તથા બાની પણ દેવબંદના અકાબિર હતા. શૈખ ઝકરિયા સહારનપૂરીએ એક મજલિસમાં આ વાતની ક઼બૂલાત કરતાં લખ્યું છે :–

''આપણા બુઝુર્ગો હઝરત ગંગોહી તથા થાન્વીએ જે ધર્મ ક઼ાયમ કર્યો છે તેને મજબૂતીથી પકડી રાખો. રશીદ (ગંગોહી) તથા ક઼ાસિમ (નાનોત્વી) પૈદા નથી થવાના, માટે બસ તેઓની પૈરવીમાં લાગી જાવ.'' *(સોહબતે બા અવલિયા, મુર્ત્તિબ–તકીયુદ્દીન નદવી, પેજ–૧૨૬)*

મૌલાના અમીદુઝ્ઝમાં કીરાનવી પોતાના વિષયના હવાલાથી પોતાના લેખમાં લખે છે :–

''ભલે હાજી સાહબનું નામ ઈ.સ. ૧૮૫૭ પછી જંગે આઝાદીમાં જાહેર થનાર મુજાહિદોમાં થયું, પણ હક઼ીક઼ત એ છે કે તેહરીકે આઝાદી (આઝાદીની ચળવળ) કે તેહરીકે જેહાદને આગળ ધપાવવામાં અને તેના માટે યોગ્ય સંજોગો બનાવવામાં હાજી સાહબનો મહત્વનો રોલ રહ્યો. તબીયતના આધારે તેઓ હઝરત સૈયદ અહમદ શહીદ રાય બરેલ્વી જેમ જ હતા. આપના દાદા પીર હઝરત હાજી અબ્દુર્રહીમ સાહબ શહીદ વિલાયતી સૈયદ



સાહબની તેહરીકે જેહાદમાં શરીક હતા.'' *(તર્જુમાન દારુલ ઉલૂમ દિલ્હી, ઓકટોબર, નવેમ્બર, ડિસેમ્બર–૨૦૦૭, પેજ–૧૭)*

આંખોમાં ધૂળ ફેંકવાના દાખલા તમે સાંભળ્યા હતા, જો તેનો વધુ એક દાખલો જોવો હોય તો ઉપરોક્ત લખાણના ઊંડાણમાં જાવ. કેટલી બેશર્મી સાથે હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કીના ખયાલાત તથા અક઼ીદા અને મસ્લકનો રિશ્તો બર્રે સગીરમાં વહાબિયતના બાની મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી સાથે જોડવામાં આવી રહ્યો છે. જ્યારે કે **હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કીના અક઼ીદા તથા ખયાલો ઈસ્માઈલ દહેલ્વીથી બિલકુલ અલગ બલ્કે સ્પષ્ટ વિરુધ્ધ હતા. મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ જે વાતોને શિર્ક તથા બિદઅત લખી છે હાજી ઈમ્દાદુલ્લાહ તેને કરતા હતા,** અને એટલું જ નહીં બલ્કે તેનો પ્રચાર પણ કરતા હતા. બલ્કે અલ્લાહના જૂઠ બોલવાના અશક્ય હોવા વિશે, મીલાદ તથા ફાતિહા, ઈલ્મે ગૈબે મુસ્તફાની સાબિતી અને નબીને પોતાની જેમ બશર કહેવાના વિરુદ્ધ વગેરેમાં તેમના અક઼ીદા ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ અને બીજા જમહૂર (બહુમતિ) ઉલ્માએ અહલે સુન્નતના જેવા હતા.

નીચે અમે બંને અક઼ીદાઓ તથા ખયાલોમાં વિરોધાભાસનો એક અનોખો મંઝર રજૂ કરીશું.

## હાજી ઈમ્દાદુલ્લાહ તથા ઈસ્માઈલ દહેલ્વીના અક઼ીદાની સરખામણી

મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીનો અક઼ીદો 'રિસાલા યકરોઝી'માં છે :

''જૂઠુ ન બોલવાને અલ્લાહના કલામાતમાંથી માનીએ છીએ અને તેના થકી અલ્લાહની તા'રીફ કરીએ છીએ આથી વિરુધ્ધ કોઈ માણસ ગુંગા કે પથ્થરના વખાણ અને તારીફ જૂઠુ ન બોલવાના

કારણે નહીં કરે. આથી સ્પષ્ટ થયું કે ખૂબી અને કમાલ તો એ છે કે કોઈ માણસ જૂઠુ બોલવા પર કુદરત હોવા છતાં મસ્લેહત અને હિક્મત તથા જૂઠની બુરાઈથી બચવા માટે જૂઠુ નથી બોલતો, તે માણસની જ પ્રશંસા તથા તારીફ કરવામાં આવશે તે જૂઠુ બોલવાના ઐબથી પાક તથા સંપૂર્ણ સત્ય સાથે સંકળાયેલ છે. તે માણસ જેમ નહીં જેની ઝબાન કાર્યરત ન હોય. *(રિસાલા યકરોઝી, પેજ–૧૪૫, મતબૂઆ દેવબંદ)*

હવે આ જ અક઼ીદા વિશે હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કીનો સ્પષ્ટ જવાબ વાંચો. હાજી સાહબ મૌલ્વી નઝીર અહમદ ખાનને લખેલ પોતાના એક પત્રમાં આ રીતે લખે છે :–

"પ્રથમ જવાબમાં **શક્ય** તથા **થવું** બંનેનો તફાવત બતાવવામાં આવ્યો છે, ફક઼ીરને તેનાથી એ જાણવા મળ્યું કે, 'જૂઠુ બોલવું' તેનું બુરાઈમાં હોવામાં કોઈ બેમત નથી. પછી અલ્લાહની મુક઼દસ ઝાત તરફ તેની નિસ્બત કઈ રીતે જાઈઝ થઈ શકે ? ભલેને મુમ્કિન તથા શક્ય જ માનો." *(અન્વારે સાતિઆ દર બયાને મૌલૂદો ફાતિહા, પેજ–૪૨૩)*

ખયાલોના ટકરાવનો બીજો એક દાખલો રજૂ કરવામાં આવે છે. મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી તક઼્વિયતુલ ઈમાનમાં લખે છે :–

"દરેક મખ્લૂક઼ મોટી હોય કે નાની (નબી હોય કે વલી) તે અલ્લાહની શાન સમક્ષ ચમારથી પણ વધુ ઝલીલ છે." *(તક઼્વિયતુલ ઈમાન, પેજ–૧૯)*

"અંબિયા વ અવલિયા, ઈમામ, પીર, શહીદ એટલે કે જેટલા અલ્લાહના મુક઼ર્રબ (નિકટવાળા) બંદા છે તે ઈન્સાન જ છે અને બંદા આજિઝ તથા આપણા ભાઈ, પણ અલ્લાહે તેમને બડાઈ આપી માટે તે મોટા ભાઈ થયા." *(તક઼્વિયતુલ ઈમાન, પેજ–૪૩)*



ઉપરોક્ત અક઼ીદાઓમાં અલ્લાહના પ્યારા રસૂલ ﷺની શાનમાં જે સ્પષ્ટ તૌહીન તથા ગુસ્તાખી છે તે કોઈ મો'મિન પર છુપાયેલ નથી. **હાજી ઈમ્દાદુલ્લાહનો હરગિઝ આ અક઼ીદો નથી બલ્કે આપ તેનાથી વિરુદ્ધ હતા.** આપ પોતાના ઉપરોક્ત મક્તૂબાતમાં લખે છે :–

**اَنَا بَشَرٌ مِّثْلُكُمْ** (જાહેરી દેખાવમાં તો હું તમારા જેવો માણસ છું) નો કોઈપણ મુસલમાન ઈન્કાર નથી કરતો, બધા જ અક઼ીદો ધરાવે છે કે અલ્લાહના પ્યારા નબી ﷺ બશર (માનવ) છે, હઝરત આદમ علیہ السلامની ઔલાદમાં છે. પણ **ઈન્કાર એ વાતનો છે કે કોઈ માણસ બશર (ઈન્સાન) સમજી પોતાના 'મોટા ભાઈ' કહેવા લાગે અથવા એની જેમ બીજા ગુસ્તાખીભર્યા લખાણો લખે, ખરેખર આ અઝાબ પામવાનું કારણ છે. ફક઼ીરના અક઼ીદા મુજબ રસૂલુલ્લાહ ﷺ જગતમાં સૌથી અધિક ઈજ્જતવાળા અને કાએનાતને પૈદા કરવાનું મૂળ કારણ છે......અલ્લાહ તઆલા પછી સૌથી મહાન આપ છે.** *(અન્વારે સાતિઆ, પેજ–૪૨૩)*

મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીનો વધુ એક અક઼ીદો સાંભળો :–

"મુરાદો પૂરી કરવી, હાજતો પૂરી કરવી, બલાઓ ટાળવી, મુશ્કેલીઓમાં મદદ કરવી, બુરા સમયે પહોંચવું આ અલ્લાહની શાન છે, કોઈ અંબિયા, પીરો, મુર્શિદ, ભૂત કે પરીની આ શાન નથી. જે આવું સાબિત કરે અને તેનાથી મુરાદો માંગે અને આ ઉમ્મીદ સાથે નિયાઝ કરે, મન્નતો માને, મુસીબતના સમયે તેમને પુકારે તો તે મુશ્રિક થઈ જશે. **પછી ભલે ને એવું સમજે કે આ કામોની તાક઼ાત તેમને પોતે મળી છે અથવા એવું સમજે કે અલ્લાહ તઆલાએ આ કામો કરવાની તાક઼ાત**

**તેમને આપી છે, દરેક રીતે શિર્ક સાબિત થાય છે."** *(તક્વિયતુલ ઈમાન, પેજ–૧૦)*

**જે કામોને ઈસ્માઈલ દહેલ્વીએ શિર્ક બતાવ્યાં છે તે જ કામો હાજી ઈમ્દાદુલ્લાહ કરતા હોવાના કારણે (ઈસ્માઈલ દહેલ્વીના લખાણ મુજબ) હાજી ઈમ્દાદુલ્લાહ મુશ્રિક થઈ જાય છે.** છતાં લેખક મોલ્વી અમીદુઝ્ઝમાં કીરાન્વીનું આ લખાણ કે, "હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કી رحمۃ اللہ علیہ મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી જેમ ખયાલો તથા અક઼ીદા ધરાવતા હતા." **આ કેટલું મોટુ જૂઠ તથા ધોકાબાજી છે !!!** જુઓ હાજી ઈમ્દાદુલ્લાહ પોતાના પ્યારા અક઼ીદાનું એલાન કેવા અંદાઝમાં કરે છે :–

"અવલિયા તથા મશાઈખની ક઼બરોની ઝિયારત કરતો રહે અને ફુરસદના સમયે ત્યાં હાજર થઈ રૂહાનિયત સાથે તેમની તરફ લગાવ બાંધે અને હક઼ીક઼તમાં પીરની સૂરતનો તસવ્વુર કરી ફયૂઝ મેળવે. ક્યારેક ક્યારેક આમ મુસલમાનોની ક઼બ્રની ઝિયારત માટે પણ જાય અને પોતાના મૌતને યાદ કરે અને પીરના હુકમ તથા અદબને ખુદા વ રસૂલના હુકમ તથા અદબની જેમ સમજે કારણ કે પીરો અલ્લાહ વ રસૂલના નાઈબો છે." *(કુલ્લિયાતે ઈમ્દાદિયહ્, પેજ–૯૩, મક્તબએ થાન્વી, દેવબંદ)*

આ રીતે મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી અલ્લાહ સિવાયથી મદદ મેળવવા તથા ગૈર હાજરીમાં પુકારવાને પણ શિર્ક કહે છે. ગૈરુલ્લાહને વસીલો બનાવવા તથા મુસીબતમાં તેમને પુકારવાને પણ હરામ તથા શિર્ક કહે છે. **પરંતુ હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કી ઉપરોક્ત બધી વાતમાં ઈસ્માઈલ દહેલ્વીથી બિલકુલ વિરુધ્ધ છે, તેઓ રસૂલુલ્લાહ ﷺ તથા અવલિયાથી મદદ પણ માંગે છે, તેમને 'યા' શબ્દ વડે પુકારે પણ છે અને**



**મુશ્કેલીમાં તેમને વસીલો પણ બનાવે છે.** આનો સાફ અર્થ છે કે ઈસ્માઈલ દહેલ્વીના કથનાનુસાર **હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કી હરામ કામ કરનાર તથા મુશ્રિક થયા.** હવે આવા સંજોગોમાં તેમને ઈસ્માઈલ દહેલ્વીના સમાન ખયાલો તથા અક઼ીદા ધરાવનાર કહેવું, ઈતિહાસ સાથે કેટલો મોટો ખેલ કરવું છે ! અમે પોતાના દા'વાના અનુસંધાનમાં હાજી ઈમ્દાદુલ્લાહની અમુક નઅતિયા પંક્તિઓ અહીં રજૂ કરીશું.

**અચ્છા હૂં યા બુરા હૂં ગ઼ર્ઝ જો ભી હૂં સો હૂં**
**પર હૂં તુમ્હારા તુમ મેરે મુખ્તાર યા રસૂલ ! ﷺ**

ઉપરોક્ત શેઅરમાં 'યા રસૂલલ્લાહ'ની સાથોસાથ આપને મુખ્તાર (ઈખ્તિયારવાળા) પણ માનવામાં આવ્યા છે. જ્યારે કે ઈસ્માઈલ દહેલ્વી નઝદીક નબી ﷺને મુખ્તાર માનવું શિર્ક છે

**જિસ દિન તુમ આસિયોં કે શફી હોંગે પેશે હક઼**
**ઉસ દિન ન ભૂલાના મુઝે ઝીનહાર યા રસૂલ ! ﷺ**

આ શેઅરમાં નબી ﷺને મહશરમાં શફાઅત કરનાર કહેવામાં આવ્યા છે જે મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીના અક઼ીદા વિરુધ્ધ છે.

**દોનોં જહાંમેં મુઝ કો વસીલા હૈ આપ કા**
**ક્યા ગ઼મ હૈ ગર યે હૂં મૈં બહોત ખ્વાર યા રસૂલ ! ﷺ**

આ શેઅરમાં રસૂલ ﷺને વસીલો બનાવવામાં આવ્યા છે. જે ઈસ્માઈલ દહેલ્વીના ખયાલો તથા અક઼ીદાથી સદંતર વિરુધ્ધ છે.

આ રીતે એક બે નહીં બલ્કે ડઝનબંધી શેઅર આપના નઅતના મજમૂઆ 'કુલ્લિયાતે ઈમ્દાદિયહ'માં સમાયેલ છે જે મક્તબએ થાન્વી–દેવબંદથી પ્રસિદ્ધ થયેલ છે.

તર્જુમાન દારુલ ઉલૂમ (દેવબંદ)ના તંત્રી ઈ.સ. ૧૮૫૭ના હવાલાથી ઈતિહાસ ચિતરતાં લખે છે :

''શામલી કસ્બો ઈ.સ. ૧૮૫૭ના જમાનામાં અંગ્રેજોની ફૌજી છાવણી હતો. મે–૧૮૫૭માં જ્યારે મેરઠથી ફૌજી બેરેકો સાથે બળવાની ચિન્ગારી નીકળી અને જે ઈલાકાને પોતાની લપેટમાં લીધા તેમાં સહારનપૂરનો આ ઈલાકો પણ સામેલ હતો જ્યાં ઉઠતાં બેસતાં જંગ તથા જેહાદની વાતો થતી હતી અને પહેલેથી જ વાતાવરણ ગરમ હતું. ઈ.સ. ૧૮૫૭ના બળવાની ખેંચતાણે અલ્લાહવાળાઓની જમાઅતને ઉભારી કે તેઓ હથેળીમાં સર લઈ મેદાને જંગમાં કૂદી પડે, કારણ કે હવે રાહ જોવી બેકાર હતી. જે પણ રીતે ગમે તેવા સંજોગોમાં આઝાદીની એક મહાન લડાઈ શરૂ થઈ ચૂકી હતી.'' *(મુજલ્લા તર્જુમાન દારુલ ઉલૂમ, ડિસેમ્બર–૨૦૦૭, પેજ–૧૮)*

તે વધુમાં લખે છે : ''આ રીતે હઝરત હાજી સાહબ ઈમામ અથવા અમીરુલ મો'મિનીન હઝરત ઝામિન શહીદ અમીરે જિહાદ અથવા સદર મજલિસે જંગ હઝરત મૌલાના મુહમ્મદ કાસિમ નાનોત્વી ફૌજના અમીર, હઝરત મૌલાના મુનીર નાનોત્વી તેમની ફૌજના સેક્રેટરી અને મૌલાના રશીદ અહમદ ગંગોહી વઝીર નક્કી થયા. મુજાહિદો પાસે ખૂબ જ મામૂલી પ્રકારનાં હથિયારો હતાં. અમુક તલ્વારો, અમુક નેઝા અને અમુક બંદૂકો હતી, આ રીતે આ જંગ વસાઈલના આધારે નહીં પણ ખાલિસ ઈમાની તાક઼ાત અને હિંમતના આધારે લડવામાં આવી રહી હતી. *(ઉપર મુજબ, હવાલો : પેજ–૧૯)*

લેખક ૧૮૫૭ના હવાલાથી ઉલ્માએ દેવબંદના કિરદાર પર પ્રકાશ નાખતાં વધુમાં લખે છે :–



''હક઼ીક઼ત એ છે કે જે સરફરોશીના જઝબા સાથે અને કાર્યની સમજબુઝ તથા તન્ઝીમ તથા તર્બિયત સાથે શામલીમાં આઝાદીની જંગ લડવામાં આવી જો દેશના બીજા ભાગોમાં પણ એ જ સુઝ સમજ સાથે કાર્ય કરવામાં આવત તો મુજાહિદોને હરાવવું અંગ્રેજો માટે એટલું સહેલું ન હોત.'' *(ઉપર મુજબ, હવાલો : પેજ–૧૯)*

હિંદુસ્તાનની આઝાદી પછી જ્યારે આઝાદીના મુજાહિદોની ચર્ચા ફખ્ર સાથે થવા લાગી. અને તેમના વારસદારોને ઈનામોથી નવાજવામાં આવવા લાગ્યા ત્યારે દેવબંદના ઈતિહાસકારો પણ પોતાના બુઝુર્ગોને મુજાહિદોની લિસ્ટમાં લાવવાની કોશિશ કરવા લાગ્યા. **હવે એ વાતની જરૂરત હતી કે અમુક એવા બનાવો ઘડવામાં આવે જેથી ફ઼ાયદેસર ઉલ્માએ દેવબંદને મુજાહિદોની સફમાં ઉભા કરી દેવામાં આવે.** પોતાના આ મક઼સદને પૂરો કરવા માટે તેમણે આ કડી સાથે ૧૮૫૭ના બળવા સાથે ઉલ્માએ દેવબંદને પણ જોડાવી દીધા જેથી નવી પેઢી ખરેખર તેઓને મુજાહિદોમાં ગણવા લાગે. અને આ વિષયમાં શામલીના બનાવને સૌથી મહત્વનો વાકિયો બનાવી રજૂ કરવામાં આવ્યો. **જ્યારે કે જંગે આઝાદીમાં ઉલ્માએ દેવબંદનો કિરદાર માત્ર એટલો જ હતો કે તેઓ પોતાની અંગ્રેજ સરકારને રાજી કરવા માટે હમેશાં આઝાદીના મુજાહિદો વિરુધ્ધ રહ્યા.** એટલે કે **તેમની જંગ અંગ્રેજો સાથે નહીં બલ્કે અંગ્રેજો વિરુધ્ધ લડનાર મુજાહિદો સાથે હતી.** ઉલ્માએ દેવબંદ આઝાદીના મુજાહિદોને 'મુફસિદ' (ફસાદ કરનાર) ગણાવતા હતા. હા ! એટલું જરૂર છે કે અંગ્રેજોથી સજા અપાવવા માટે તેઓ પર જંગે આઝાદીનો ઈલ્ઝામ લગાડવામાં આવ્યો અને તેઓએ (ઉલ્માએ દેવબંદે) વિવિધ રીતે તેનો ડિફેન્સ કરવાની કોશિશ કરી જેમાં તે કામયાબ પણ રહ્યા. અંગ્રેજ દુશ્મનીના આરોપમાં મૌલાના રશીદ

અહમદ ગંગોહીને ગિરફતાર પણ કરવામાં આવ્યા, પણ તરત જ છોડી દેવાયા. જ્યારે કે આ તે જમાનો હતો જ્યારે મોટા મોટા ઉલ્માને ફાંસી આપવામાં આવી રહી હતી, જેલમાં મોકલી દેવામાં આવતા. ૧૮૫૭ના બળવામાં મૌલાના ક઼ાસિમ નાનોત્વી, મૌલાના રશીદ અહમદ ગંગોહી, હાજી ઈમ્દાદુલ્લાહ સાહબ અને હાફિઝ ઝામિનનો ઉલ્લેખ ખૂબ જ ફખ્રથી કરવામાં આવે છે. જ્યારે કે વાસ્તવિક હક઼ીક઼ત તેથી બિલકુલ વિરુધ્ધ છે. નીચે અમે શામલીના બનાવની હક઼ીક઼ત દેવબંદી ખયાલ ધરાવતા લેખકોના હવાલાથી રજૂ કરીશું.

## અંગ્રેજોની વફાદારીના બોલતા પુરાવા

મશહૂર દેવબંદી આલિમ મૌલાના આશિક઼ ઈલાહી મેરઠીએ હિ.સ. ૧૩૨૬ ઈ.સ. ૧૯૦૯માં તઝકિરતુર્રશીદ લખી પ્રસિદ્ધ કરી, જેમાં શામલીના બનાવને વિશિષ્ટતાથી રજૂ કરવામાં આવ્યો છે જેનાં અમુક લખાણો અહીં રજૂ કરીએ છીએ :–

લખે છે, "રમઝાન હિ.સ. ૧૨૭૩ એટલે કે મે ઈ.સ. ૧૮૫૭નું તે તોફાન જેના ખયાલથી જ રૂવાંટાં ઉભાં થઈ જાય છે, હિંદુસ્તાન જ નહીં બલ્કે દુનિયાભરમાં મશ્હૂર છે, બીજો બનાવ આટલો મશ્હૂર નહીં હોય...... જેમાં કારટુસો પર ચરબી લગાડવામાં આવતી હોવાની અફવા ઉડી અને બગાવત કરવા વિશે ઉઘાડી રીતે તથા ગુપ્તપણે વાતો થવા લાગી. **જેમનાં માથાંઓ પર મૌત ભમતી હતી તેમણે કંપની (ઈસ્ટ ઈન્ડિયા)ના અમનો આફિયત (શાંતિ તથા સલામતી)ના જમાનાની કદર ન કરી અને પોતાની રહમદિલ (દયાવાન) ગવર્નમેન્ટ (અંગ્રેજ) સામે બગાવતનો ઝંડો બુલંદ કર્યો.** ફૌજો બાગી થઈ, હાકેમની નાફર્માન બની, લડાઈ અને ક઼ત્લનું બજાર ખોલ્યું અને **બહાદુરીના**



**નશામાં પોતાના પગો પર કુહાડી મારી."** *(તઝકેરતર્રશીદ, અઝ : દેવબંદી મૌલ્વી આશિક ઈલાહી, મેરઠી)*

આ ટૂંકા લખાણથી દેવબંદી ઉલ્માના ખયાલો નક્કી થઈ ગયા કે **તેઓ અંગ્રેજી હુકૂમતના જમાનાને શાંતિ તથા સલામતીનો દૌર ગણતા હતા. મુજાહિદોને 'ફસાદી' તથા 'બાગી' કહેતા હતા.** લેખક રશીદ અહમદ ગંગોહી વિશે લખે છે :–

"હિ.સ. ૧૨૭૬, ઈ.સ. ૧૮૫૯ના શરૂઆતનું તે વરસ હતું જેમાં હઝરત ઈમામે રબ્બાની (મૌલાના રશીદ અહમદ ગંગોહી) કુદ્દેસસિર્રહૂ પર પોતાની સરકારથી બાગી હોવાનો ઈલ્ઝામ લગાડવામાં આવ્યો અને ફસાદ કરનારાઓ (મુફસિદો)માં સામેલ હોવાની તોહમત લગાડવામાં આવી."

**હવે રશીદ અહમદ ગંગોહીનું ચોંકાવી દેનાર બયાન વાંચો !** (૧૮૫૭ની ચળવળ) ખતમ થયા પછી ક઼ાઝી મહબૂબ અલી ખાનની જૂઠી ખબર પર જ્યારે રશીદ અહમદ ગંગોહીને ગિરફતાર કરવામાં આવ્યા તો પોતાના વિશે તેમનું વર્ણન આ પ્રમાણે હતું :–

"જ્યારે હું હક઼ીક઼તમાં પોતાની સરકાર (અંગ્રેજ ગવર્નમેન્ટ)નો ફર્માબર્દાર છું તો જૂઠા ઈલ્ઝામથી મારો વાળ વાંકો નહીં વળે અને જો મારી પણ નાખવામાં આવું તો **સરકાર (અંગ્રેજ) માલિક છે, તેને ઈખ્તિયાર છે જે ઈચ્છે તે કરે."** *(તઝકિરતુર્રશીદ, ભાગ–૧, પેજ–૮૦)*

મૌલાના રશીદ અહમદ ગંગોહીનો ઉપરોક્ત સ્વીકાર અને અંગ્રેજ હુકૂમતનો સંપૂર્ણ એહતેરામ શું સ્પષ્ટ રીતે આ વાતનું એલાન નથી કરતું કે ઈ.સ. ૧૮૫૭ની આઝાદીની જંગ સાથે તેમનો કોઈ જ સંબંધ ન હતો બલ્કે તેના પર મુજાહિદ હોવાનો જૂઠો

આરોપ હતો જેના આધારે ઉપરોક્ત દેવબંદી મૌલ્વીઓને મુજાહિદોમાં ગણવામાં આવે છે તે આઝાદીના મુજાહિદો સાથે જંગ હતી કે બગાવત હતી. મૌલાના આશિક ઈલાહી મેરઠી આ હકીકતને બયાન કરતાં લખે છે :–

''આ દિવસોમાં આપે (મૌલાના રશીદ અહમદ ગંગોહીએ) તે ફસાદીઓ (એટલે મુજાહિદો)નો પણ મુકાબલો કરવો પડયો જેઓ ટોળે ને ટોળે ફરતા હતા. પોતાની જાનની હિફાઝત માટે તલવાર પણ રાખતા હતા અને ગોળીઓના વરસાદમાં બહાદુર સિંહની જેમ નીકળતા ચાલ્યા જતા. એકવાર એવું પણ બન્યું કે હઝરત ઈમામ રબ્બાની (રશીદ અહમદ ગંગોહી) પોતાના ખાસ દોસ્ત મૌલાના કાસિમુલ ઉલૂમ અને રૂહાની તબીબ આ'લા હઝરત હાજી સાહબ અને હાફિઝ ઝામિન સાહબ સાથે હતા. બંદુકચીઓ (અંગ્રેજ વિરોધી ગૃપ) સાથે મુકાબલો થઈ ગયો. આ મજબૂત ગૃપ પોતાની (અંગ્રેજ) સરકારના વિરોધી બાગીઓ સામેથી ફરાર થનાર કે હારનાર ન હતા માટે પહાડની જેમ પગ જમાવી ઉભા થઈ ગયા અને સરકાર (અંગ્રેજ હુકૂમત) પર પોતાની જાન નિછાવર કરવા તૈયાર થઈ ગયા. **અલ્લાહ રે ! જવાંમર્દી તથા બહાદુરીનો તે ભવ્ય મંઝર જેનાથી સિંહનું પિત્તુ પણ પાણી અને બહાદુરનો જુસ્સો ઠંડો થઈ જાય ત્યાં અમુક ફકીરો હાથોમાં તલ્વાર લઈ બંદુકચીઓ (અંગ્રેજ વિરોધી બાગીઓ) સામે એવા ઉભા રહ્યા જાણે જમીને પગ પકડી લીધા હોય.** જેથી આપ પર ફાયરિંગ થઈ અને હાફિઝ ઝામિન સાહબને ડુંટી નીચે ગોળી વાગતાં શહીદ થયા.'' *(તઝકિરતુર્રશીદ, ભાગ–૧)*

આ છે જંગે આઝાદીમાં ઉપરોક્ત દેવબંદી ઉલમાનો જેહાદ તથા અંગ્રેજ ગવર્નમેન્ટ પ્રત્યે પોતાના સંપૂર્ણ ઈખ્લાસ અને કુર્બાનીની ઉઘાડી દાસ્તાન !



મૌલાના કાસિમ નાનોત્વી પણ મૌલાના રશીદ અહમદ ગંગોહીની જેમ અંગ્રેજી સામ્રાજ્યના વફાદાર તથા ભલુ ઈચ્છનાર હતા. બલ્કે આપની પહોંચ અંગ્રેજોના ઉચ્ચ અધિકારીઓ સુધી હતી. **જે દિવસોમાં ઉલ્મા તથા મુજાહિદ ગૃપોએ પોતાની જાન બચાવવું મુશ્કેલ હતું ત્યારે મૌલાના સંપૂર્ણ શાંતિ સાથે હતા બલ્કે અંગ્રેજોની ચોકીઓમાં આપનો હુકમ ચાલતો હતો અને પોલીસ આપના ઈશારા પર નાચતી હતી.**

'સવાનેહે કાસમી'માં મૌલ્વી કાસિમ નાનોત્વી સાથે હાજર રહેનાર મૌલ્વી મન્સૂર અલી ખાનની ઝબાની આ વાકિઓ બયાન કરવામાં આવ્યો છે, તે કહે છે કે એકવાર હું મૌલાના કાસિમ નાનોત્વી સાથે નાનોતા જઈ રહ્યો હતો. રસ્તામાં મૌલાનાનો હજામ હાંફતાં હાંફતાં મળ્યો અને કહ્યું કે નાનોતાના થાણેદાર એક છોકરીને ભગાડી જવાના આરોપમાં મને (હજામને) સજા કરી છે, ખુદારા મને બચાવો ! મૌલ્વી મન્સૂર અલી ખાન બયાન કરે છે કે નાનોતા પહોંચતાં જ મૌલાનાએ પોતાના ખાસ કાર્યકર મુન્શી સુલેમાનને બોલાવ્યા અને જલાલભર્યા સ્વરે કહ્યું :–

''આ ગરીબને થાનેદારે વિના કુસૂરે પકડયો છે, તું તેને કહી આપ કે આ હજામ અમારો માણસ છે તેને છોડી આપ, નહીં તો તું પણ નહીં બચે ! આના હાથમાં હાથકડી નાખશે તો તેના હાથમાં પણ હાથકડી પડશે.'' *(સવાનેહે કાસમી, ભાગ–૧, પેજ–૩૨૧, ૩૨૨)*

લખ્યું છે કે મુન્શી સુલેમાને નાનોત્વી સાહબનો હુકમ શબ્દે શબ્દ થાનેદાર સુધી પહોંચાડી દીધો. થાનેદારે જવાબ આપ્યો કે હવે શું થઈ શકે છે ? રજીસ્ટરમાં તેનું નામ લખાઈ ગયું છે ! મૌલાના નાનોત્વીએ થાનેદારના આ જવાબ પર કહ્યું, તેને જઈને કહી દો કે

આનું નામ રજીસ્ટરમાંથી કાઢી નાખ. મન્સૂર અલીખાનનું બયાન છે કે મૌલાનાના આ હુકમથી થાનેદાર પોતે આપની ખિદમતમાં હાજર થયો અને અર્ઝ કરી :–

''હઝરત ! નામ કાઢવું મોટો ગુનો છે, મારી નોકરી પણ જતી રહેશે !'' ફર્માવ્યું, ''આનું નામ કાઢી નાખ, તારી નોકરી નહીં જાય.'' *(હવાલો ઉપર મુજબ, પેજ–૩૨૩)*

લખ્યું છે કે, ''મૌલાનાના હુકમ મુજબ થાનેદારે હજામને છોડી દીધો અને થાનેદાર થાનેદાર જ રહ્યો (તેની નોકરી બાકી રહી).''

આ આખો બનાવ એ વાત સ્પષ્ટ કરી રહ્યો છે કે નાનોત્વી સાહબની પહોંચ અંગ્રેજી હાકેમો સુધી હતી, નહીં તો જે પોતે અંગ્રેજોનો દુશ્મન હોય તે કદી આ હુકમ નહીં આપી શકે કે છોડી આપ, નહીં તો તું પણ નહીં બચે ! અને પોતાનો હુકમ માનવાના સંજોગોમાં નોકરી બાકી રાખવાનું યક઼ીન અપાવ્યું.

શામલીના આખા બનાવની હક઼ીક઼ત એ છે કે દેવબંદી ઉલ્માએ અંગ્રેજોના બાગીઓ સાથે લડાઈ કરી અને હાફિઝ ઝામિન અંગ્રેજોની ખુશી મેળવવા ખાતર પોતાની જાન ગુમાવી બેઠા. મૌલાના મુનાઝિર અહસન ગીલાની (મૃત્યુ ૧૯૫૬) જે દેવબંદીઓના ફેમસ લેખક છે તે ફાઈનલ ચર્ચા કરતાં લખે છે : ''મુક઼ાબલા તથા જંગમાં ભાગ લેવાનો ફૈંસલો સૈયેદુનલ ઈમામુલ ક઼બીર (મૌલાના નાનોત્વી)એ પહેલેથી કર્યો હતો તો તે જમાના સુધી લડાઈના હથિયારો કમસે કમ બંદૂકના ઉપયોગથી બિલકુલ અભણ રહેવું શું શક્ય હતું ? કાંઈ પણ હોય એ વાત યક઼ીની છે અને ઈન્કાર ન કરી શકાય તેવા સ્પષ્ટ પુરાવાઓની સાક્ષી છે કે (આપનું જંગમાં ભાગ લેવું) માત્ર એક અફવા છે કે જંગ લડવામાં બીજા લોકો સાથે સૈયિદુનલ ઈમામુલ ક઼બીર (મૌલાના નાનોત્વી)



તથા આપના દીની સાથીઓ પણ સાથે હતા. બલ્કે વાક઼ીઓ તે જ છે જે લેખકે (મૌલાના રશીદ અહમદ ગંગોહીએ) લખ્યો છે કે, '' મૌલાના ફસાદ (જંગે આઝાદી)થી કોસો દૂર હતા.'' *(સવાનેહે ક઼ાસમી, ભાગ–૨, પેજ–૧૦૯)*

મૌલાના મુહમ્મદ ઝકરિય્યા સહારનપૂરીના મુરીદ પ્રો. બશીર અહમદખાન માજી સદર શોબએ ઉલૂમે ઈસ્લામિયા હમદર્દ યુનિવર્સિટીએ શામલીના બનાવ વિશે પોતાના ખયાલો આ રીતે જાહેર કર્યા છે :–

''શામલીની લડાઈ જેમાં મૌલાના મુહમ્મદ ક઼ાસિમ નાનોત્વી તથા મૌલાના રશીદ અહમદ ગંગોહી વગેરેનું ભાગ લેવું અને હાફિઝ ઝામિનની શહાદતનું વર્ણન છે તે જ તે જગ્યા પૂરતી એક મામૂલી લડાઈ હતી, જેનો સહારો લઈ મોટા પાયા પર ૧૮૫૭ની જંગમાં તેમનો મહત્વનો કિરદાર હોવાનો દાવો કરવો સહીહ નથી.'' *(૧૮૫૭ પસ મન્ઝર વ પેશ મન્ઝર, પેજ–૧૦૦, અઝ : મૌલાના યાસીન અખ્તર મિસ્બાહી)*

આ બધા જ પુરાવાઓની રોશનીમાં હવે ફૈંસલો વાંચકો પર છોડવામાં આવે છે કે ૧૮૫૭ના બળવામાં દારુલ ઉલૂમ દેવબંદ તથા ઉલ્માએ દેવબંદનો કિરદાર શું હતો ? તેઓ અંગ્રેજોના ગદ્દાર હતા કે તેઓના વફાદાર ?!

